નં- અજાક/મકમ/આરસીપીએસ/૨૦૧૬/૧૧૪૯
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ,
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
તા-૨૮/૦૪/૨૦૧૬.

## પરિપત્ર

આપ સર્વે સુવિદિત છો તે મુજબ રાજ્ય સરકારશ્રી દ્વારા ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરીકોનો અધિકાર) અધિનિયમ-૨૦૧૩ ઘડવામાં આવેલ છે અને તા. ૧૫/૦૪/૨૦૧૩ ના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સરકારશ્રીના તા. ૦૮/૦૩/૨૦૧૬ના નોટીફિકેશનથી આ અધિનિયમ ૦૧/૦૪/૨૦૧૬થી અમલમાં મુકવામાં આવેલ છે. સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૩૦/૦૩/૨૦૧૬ના નોટીફિકેશનથી આ અધિનિયમ અંતર્ગત અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની સેવાઓ સમાવવામાં આવેલ છે (નકલ સામેલ છે). આ સમાવવામાં આવેલ સેવાઓ પૈકી અનુજાતિ કલ્યાણની કેટલીક યોજનાઓનો અમલ ગ્રામ્ય વિસ્તારમાં જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી સમાજ કલ્યાણ શાખા, જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવે છે. તેના નિયંત્રણ અધિકારી જિલ્લા વિકાસ અધિકારી છે તેથી ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરીકોનો અધિકાર) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૫, કલમ ૬(૧) અને કલમ ૯(૨) ની જોગવાઇ મુજબ (૧) મુકરર અધિકારી (Designated Officer) (૨) ફરીયાદ નિવારણ અધિકારી (Grievance Redressal Officer) (૩) મુકરર સત્તાધિકારી (Designated authority) ની નિમણુંક કરવાની થાય છે. આથી આપના હસ્તક અમલ કરવાની યોજનાઓ અંતર્ગત જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીને મુકરર અધિકારી, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેકમ) ને ફરીયાદ નિવારણ અધિકારી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને મુકરર સત્તાધિકારી નક્કી કરવા ઘટતી કાર્યવાહી કરવા વિનંતી છે.

નિયામક,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પ્રતિ,
(૧) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
જિલ્લા પંચાયત ........................... જિ. ..................
(૨) સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી
જિલ્લા પંચાયત ........................... જિ. ....................

**નકલ સવિનય રવાના:**
નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**<u>વંચાણે લીધા</u>**

(૧) ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરીકોનો અધિકાર ) અધિનિયમ-૨૦૧૩.

(૨) ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરીકોનો અધિકાર ) નિયમો-૨૦૧૪.

(૩) સરકારશ્રીના સામાન્ય વહિવટ વિભાગના તા. ૦૮/૦૩/૨૦૧૬ ના નોટીફિકેશન નં. જીએસ/૧૧/૨૦૧૬/ એનએપી-૧૦૨૦૧૩-૮૧૭-એઆરટીડી-૪.

(૪) સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના તા.૩૦/૦૩/૨૦૧૬ના નોટિફિકેશન નં. જીએસ/૨૦૧૬/એજેકે/૧૦૨૦૧૬/૧૭૫૭૪૩/જી.

(૫) સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૪/૨૦૧૬ ના પત્ર ક્રમાંક અજાક-૧૦૨૦૧૬/૨૪૧૩૩૪/ગ.

---

નં.- અજાક/મકમ/આરસીપીએસ/૨૦૧૬/૧૧૪૮

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ,
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તા-૨૮/૦૪/૨૦૧૬.

**<u>આદેશ</u>**

રાજ્ય સરકારશ્રી દ્વારા ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરીકોનો અધિકાર) અધિનિયમ-૨૦૧૩ ઘડવામાં આવેલ છે અને તા. ૧૫/૦૪/૨૦૧૩ ના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. વંચાણ (૩) પર દર્શાવેલ તા. ૦૮/૦૩/૨૦૧૬ના નોટીફિકેશનથી આ અધિનિયમ ૦૧/૦૪/૨૦૧૬થી અમલમાં મુકવામાં આવેલ છે. આ અધિનિયમ ૨૦૧૩ અંતર્ગત વંચાણ (૪) પરના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૩૦/૦૩/૨૦૧૬ના નોટીફિકેશનથી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની સેવાઓ સમાવવામાં આવેલ છે. આથી ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરીકોનો અધિકાર) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૫, કલમ ૬(૧) અને કલમ ૯(૨) ની જોગવાઇ મુજબ આ સાથે સામેલ રાખેલ પત્રકમાં દર્શાવેલ સેવાઓ માટે (૧) મુકરર અધિકારી (Designated Officer) (૨) ફરીયાદ નિવારણ અધિકારી (Grievance Redressal Officer) (૩) મુકરર સત્તાધિકારી (Designated authority) જેતે સેવા સામે દર્શાવેલ પત્રકના કોલમ નં. ૫, ૬ અને ૭ મુજબ નિમવાના આથી આદેશ કરવામાં આવે છે.

સહી/-
(કે.ડી. કાપડીયા)
નિયામક,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**<u>નકલ રવાના</u>**

(૧) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ....................જિ...............

(૨) વડી કચેરી ખાતેના તમામ નાયબ નિયામકશ્રી, ......................

(૩) તમામ શાખા અધિકારીશ્રીઓ, ..............................

**<u>નકલ સવિનય રવાના</u>**

નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નિયામક,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગરવતી.

ગુજરાત ( જાહેર સેવાઓ અંગેના નાગરિકોનો અધિકાર) અધિનિયમ ૨૦૧૩ અંતર્ગત, મુકરર અધિકારી, ફરિયાદ નિવારણ અધિકારી અને મુકરર સત્તાધિકારીની નિમણૂંક અંગેના આદેશ ક્રમાંક અજાક/મકમ/આરસીપીએસ/૧૧૪૮/૨૦૧૬. તા.૨૯/૦૪/૨૦૧૬ નું બિડાણ પત્રક

| અ.નં. | સેવાનું નામ | સેવાની વિગત | સમયમર્યાદા | સેવા પુરી પાડનાર અધિકારી (મુકરર અધિકારી) | ફરીયાદ નિવારણ અધિકારી | મુકરર સત્તાધિકારી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ◦ પરિક્ષિતલાલ મજમુદાર પુર્વ એસ.એસ.સી. શિષ્યવૃતિ<br>◦ અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓના બાળકોને પ્રી એસ.એસ. સી. શિષ્યવૃતિ<br>◦ ભારત સરકારની પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ | નાણાકીય સહાય<br>નાણાકીય સહાય<br>નાણાકીય સહાય | ૩૦ સપ્ટેમ્બર | જિલ્લાના નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | વડી કચેરીના સંબંધીત નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ,ગાંધીનગર. | નિયામક, અનુસૂચિત જાતિકલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર. |
| ૨ | બે જોડી ગણવેશ | ગણવેશ માટે આર્થિક સહાય | ૩૦ સપ્ટેમ્બર | જિલ્લાના નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | વડી કચેરીના સંબંધીત નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ | નિયામક, અનુસૂચિત જાતિકલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર. |
| ૩ | કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે લોન | લોન | ૬૦ દિવસ | વડી કચેરીના સંબંધિત શાખાના નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | સંયુકત નિયામક , અનુસૂચિત જાતિ કલ્યાણ. | નિયામક, અનુસૂચિત જાતિકલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪ | વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન | લોન | ૬૦ દિવસ | વડી કચેરીના સંબંધિત શાખાના નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | સંયુકત નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | નિયામક, અનુસૂચિત જાતિકલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર. |
| ૫ | મહારાજા સાયાજીરાવ ગાયકવાડ એમ. ફીલ. તથા પી. એચ.ડી. અભ્યાસક્રમો માટે શિષ્યવૃતિ | નાણાકીય સહાય | ૩૦ દિવસ | જિલ્લાના નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | વડી કચેરીના સંબંધીત નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | નિયામક, અનુસૂચિત જાતિકલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર. |
| ૬ | સરસ્વતી સાધના યોજના હેઠળ ધો. ૯ માં ભણતી કન્યાઓને સાયકલ પુરી પાડવી. | સાયકલ સહાય | ૯૦ દિવસ | જિલ્લાના નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | વડી કચેરીના સંબંધીત નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | નિયામક, અનુસૂચિત જાતિકલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર. |
| ૭ | ડૉ. પી. જી. સોલંકી ડૉક્ટર વકીલોને લોન સહાય / સ્ટાઇપન્ડ | લોન/સ્ટાઇપન્ડ સહાય | ૩૦ દિવસ | જિલ્લાના નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | વડી કચેરીના સંબંધીત નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | નિયામક, અનુસૂચિત જાતિકલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર. |
| ૮ | નાના વ્યવસાયકારોને ધંધાનું સ્થળ ખરીદવા લોન સહાય ( શહેરી વિસ્તાર માટે) | લોન સહાય | ૩૦ દિવસ | જિલ્લાના નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | વડી કચેરીના સંબંધીત નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | નિયામક, અનુસૂચિત જાતિકલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર. |
| ૯ | મહિલા સીવણ વર્ગ | નાણાકીય સહાય | ૧૫ દિવસ | જિલ્લાના નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | વડી કચેરીના સંબંધીત નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | નિયામક, અનુસૂચિત જાતિકલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર. |
| ૧૦ | મફત તબીબી સહાય | નાણાકીય સહાય | ૩૦ દિવસ | જિલ્લાના નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | વડી કચેરીના સંબંધીત નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | નિયામક, અનુસૂચિત જાતિકલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૧ | વ્યક્તિગત ધોરણે મકાન માટે નાણાકીય સહાય ડૉ.બી.આર. આંબેડકર આવાસ યોજના | નાણાકીય સહાય | ૩૦ દિવસ | જિલ્લાના નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | વડી કચેરીના સંબંધીત નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | નિયામક, અનુસૂચિત જાતિકલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર. |
| ૧૨ | કુંવરબાઇનું મામેરુ | નાણાકીય સહાય | ૩૦ દિવસ | જિલ્લાના નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | વડી કચેરીના સંબંધીત નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | નિયામક, અનુસૂચિત જાતિકલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર. |
| ૧૩ | ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન | નાણાકીય સહાય | ૩૦ દિવસ | જિલ્લાના નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | વડી કચેરીના સંબંધીત નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | નિયામક, અનુસૂચિત જાતિકલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર. |
| ૧૪ | કન્ટીજન્સી પ્લાન પી.સી.આર. એક્ટ ૧૯૫૫ અને એટ્રોસીટી એક્ટ ૧૯૮૯ માટે | નાણાકીય સહાય | ૧૦ દિવસ | જિલ્લાના નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | વડી કચેરીના સંબંધીત નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ. | નિયામક, અનુસૂચિત જાતિકલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર. |

નોંધ:- ક્રમ નં. ૧૦ પરની યોજના કમિશ્નરશ્રી આરોગ્ય અને તબીબી સેવાઓને તબદીલ કરવામાં આવેલ છે. જેથી સદરહું યોજના માટેની સુચનાઓ તેઓની કચેરી તરફથી આપવામાં આવે તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય ગાંધીનગરવતી

સહી/-
(કે.ડી. કાપડીયા)
નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય ગાંધીનગર